ધાનેરા પોલીસે દારૂ ભરેલી બે ગાડીઓ ઝડપી : બે આરોપીઓ સાથે ૩૦ લાખ કરતા પણ વધુનો મુદ્દામાલ જપ્ત

બનાસકાંઠા જિલ્લા ની ધાનેરા પોલીસે ધાનેરા વિસ્તાર માંથી દારૂ ભરેલી બે ગાડીઓ સાથે બે બુટલેગરો ની અટકાયત કરી છે અને ૩૦ લાખ કરતા પણ વધુ નો મુદ્દમાલ જપ્ત કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે. એંકર-ધાનેરા પોલીસ મથકના પીઆઈ શ્રી આર કે પાઠક પોતાના સ્ટાફ સાથે ધાનેરા વિસ્તાર માં વાહન ચેકીંગ માં હતા તે સમય દરમ્યા નેનવા ચેક પોસ્ટ ઉપર એક જી જે ૧૨ વાય ૫૪૩૮ નંબર ની ટ્રક રાજેસ્થાન તરફ થી ધાનેરા આવી રહી હતી તે તર્ક ને રોકી તેની તલાશી લેતા તેમાં પાવડર ના કટ્ટા નીચે સંતાડેલો વિદેશી દારૂ મળી આવ્યો ધાનેરા પોલીસે ટ્રક ૧૯ લાખ નો દારૂ અને ૧૦ લાખ ની ટ્રક બે લોકો ની ધરપકડ કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી તે બાદ ધાનેરા તાલુકા ના કોટડા ગામ પાસેથી પણ મહેન્દ્ર કંપની ૫૪૦ ગાડી માંથી દારૂ પકડી ને કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

માણસા ખાતે દલિત યુવકનો વરઘોડો અટકાવાતાં વિવાદ

દલિત યુવકને લગ્નટાણે અપમાનિત કરાતાં દલિત યુવા નેતા જીગ્નેશ મેવાણીએ રાજ્ય સરકારને આડા હાથે લીધી

ગાંધીનગર,તા. ૧૭

ગુજરાતમાં દલિત અત્યાચાર દિવસે ને દિવસે જાણે વધી રહ્યા છે. રોજ નવા નવા કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા છે. આજે ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પારસા ગામે દલિત યુવાનનો વરઘોડો અટકાવ્યાનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવતાં રાજયભરમાં ભારે ચકચાર મચી ગઈ હતી. ખાસ કરીને દલિત સમાજમાં ઉગ્ર રોષની લાગણી ફેલાઈ ગઈ હતી. દલિત યુવકનો વરઘોડો અટકાવાતાં સ્થાનિક પોલીસ પણ તાત્કાલિક હરકતમાં આવી હતી અને પોલીસે લોખંડી બંદોબસ્ત સાથે યુવકના લગ્ન સંપન્ન કરાવ્યા હતા અને કોઈ અનિચ્છનીય બનાવ બને નહી તે હેતુથી ગામમાં વધારાનો બંદોબસ્ત પણ તૈનાત કરી દીધો હતો. બીજીબાજુ, દલિત યુવા નેતા અને વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ આ ઘટનાને લઈ ફરી એકવાર ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને ટવીટ્ કરી તેને સરકારનું ષડયંત્ર ગણાવ્યું હતું. ગાંધીનગર જિલ્લાનાં માણસા તાલુકામાં આવેલા પારસા ગામે આજરોજ એક દલિત યુવાનનો વરઘોડો નીકળ્યો હતો.

ઘોડી ઉપર સવાર થઈને વરઘોડો લઈને નીકળેલા યુવાનને ગામના દરબાર સમાજના લોકોએ ઘોડી ઉપરથી ઉતારી અપમાનિત કર્યો હતો. સાથે સાથે આખો વરઘોડો અટકાવી દેતાં એક તબક્કે માહોલ ગરમાયો હતો અને ઘટનાના સમાચાર વાયુવેગે પ્રસરતાં ભારે ચકચાર મચી ગઈ હતી. જેને પગલે પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બંને પક્ષોને સમજાવી પરિસ્થિતિ થાળે પાડી હતી. પોલીસે પૂરતા અને લોખંડી પોલીસ જાપ્તા વચ્ચે યુવકના

લગ્ન સંપન્ન કરાવ્યા હતા. જો કે, આ ઘટનાને લઈ સમગ્ર રાજયમાં દલિત સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. દલિત યુવા નેતા અને ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ તો આ ઘટનાને લઈ ફરી સરકારને આડા હાથે લીધી હતી અને ટવીટ્ કરી સરકાર પર નિશાન સાધ્યું હતું કે, ગઈકાલે ગુજરાતના ડીજીપીએ પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું કે ગુજરાતમાં દલિતો સુરક્ષિત છે અને આજે સમાચાર મળી રહ્યા છે કે ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પારસા ગામે દલિત સમાજના વરરાજાને ઘોડી પરથી ઉતારી અપમાનિત કરવામાં આવી રહ્યા છે. નક્કી આ સરકારનું કોઈ ષડયંત્ર લાગી રહ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં દલિત યુવાન અને તેના પરિવાર સાથે થયેલા આ અપમાનિત વર્તન સામે વડગામના ધારસભ્ય અને દલિત નેતા જીગ્નેશ મેવાણીએ ટ્વિટ કરીને પોતાનો રોષ ઠાલવ્યો હતો. બીજીબાજુ, પોલીસે ઘટનાની ગંભીરતા ધ્યાને લઈ ગામમાં વધારાનો બંદોબસ્ત પણ તૈનાત કરી દીધો હતો અને સતત પેટ્રોલીંગ અને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી હતી.

છેતરપિંડીના ગુનામાં બે વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

આરોપી કલોલના નારદીપુર ખાતે પોતાના ઘરે આવ્યો હોવાની એસ.ઓ.જી.ને બાતમી મળી હતી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર એસઓજી પીઆઈ પરેશ સોલંકીની સૂચનાથી તેમની ટીમ નાસતા-ફરતા આરોપીઓ પકડવા સક્રિય થઈ છે ત્યારે પીએસઆઈ બી.એમ પટેલ તથા જે.આર કરોતરાની ટીમને ચોક્કસ

બાતમી મળી હતી કે બે વર્ષથી છેતરપિંડીના ગુનામાં નાસતો-ફરતો આરોપી કલોલ તાલુકાના નારદીપુર ગામે પોતાના ઘરે આવ્યો છે. જે બાતમીના આધારે એસઓજીની ટીમે નારદીપુર ગામે આરોપીના ઘરે જઈ તેને પકડી પાડયો છે. વિશ્વાસઘાત અને છેતરપિંડીના ગુનામાં નાસતા-ફરતા આરોપી પ્રકાશવન ચતુરવન ગોસ્વામીએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશન ની હદ વિસ્તારમાં ગુનો આચર્યો હતો. આ ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા-ફરતા આરોપીને ગાંધીનગર એસઓજીની ટીમે તેના ઘરેથી પકડી પાડી પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશનને સોપવા કાર્યવાહી શરૂ કરી છે.

ઈસનપુર મોટા ગામે ભામાશા વિષ્ણુભાઈના ૩.૫ કરોડના દાન થકી નવી શાળાનું નિર્માણ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ગામનો ખુબ ટૂંકા ગાળામાં વિકાસ થઈ ગયો છે. ગ્રામજનો અન્ય ગામોની

સરખામણીએ ખુબ સુવિધાઓ ભોગવી રહ્યા છે. ગ્રામજનોની સુખાકારી પાછળ મૂળ ગામના જ વતની અને ભામાશા એવા વિષ્ણુભાઈ પટેલનું ખુબ દાન અને યોગદાન રહેલું છે. વિષ્ણુભાઈ પટેલે ગામના વિકાસ માટે ૧૦.૭૦ કરોડનું દાન આપ્યું છે.

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ગામમાં ૩૯૮૫ ગ્રામજનો વસે છે. છોડા વર્ષો અગાઉ શાળા, રસ્તા સહિતની અનેક સમસ્યા આ ગામમાં હતી. ગામની આ સમસ્યાને સંદર્ભે તથા તેના વિકાસ માટે ગામના જ વિષ્ણુભાઈ મફતભાઈ પટેલને વાત કરવામાં આવી હતી. વિષ્ણુભાઈ પટેલે પણ ગ્રામજનોની સમસ્યા મામલે વિચારણા કરી ગામના રસ્તા, શાળા, હોસ્પિટલ, મંદિરો, શૌચાલય, બાથરૂમ, આંગણવાડી, પાર્ક, ગામના ગેટ સહિતની અન્ય સુવિધાઓ માટે આર્થિક મદદ કરવાની ખુલ્લા દિલે જાહેરાત કરી દીધી હતી.

ગામની જર્જરિત શાળાના સમારકામની વાત પ્રાથમિક શાળાના આચાર્યે કરી હતી ત્યાં તો વિષ્ણુભાઈ પટેલે ૩.૫૦ કરોડના ખર્ચે બાળકો માટે આખી શાળા જ નવી બનાવી આપી છે. હાલ આ શાળામાં ૨૯૮ જેટલા બાળકો અભ્યાસ કરે છે. ઉપરાંત દાતા વિષ્ણુભાઈ પટેલે પોતાના ખર્ચે જ ઉત્તમ શૌચાલય-બાથરૂમ પણ બનાવી આપ્યા હતા.

ગામમાં આવેલી એમ.બી. સાર્વજનિક હોસ્પિટલમાં પણ અનેક સુવિધાઓ આપવામાં આવી છે. જેમાં રાહતદરે નિદાન અને મહિલાઓને ફ્રી ડીલવરી અને દિકરી જન્મે રૂ. ૫૦૦૧નો રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.

અડાલજ પાસે બાલાપીર દરગાહ પાસેથી મોબાઈલ ચોર ઝડપાયો

રાજસ્થાનના થાણા ગામે ઘરની બહાર સુતેલી મહિલાનો મોબાઇલ ચોરીના સરકી ગયો હતો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટની સૂચનાથી તેમની ટીમ મિલકત સંબંધી

ગુનાઓ ડિટેક્ટ કરવા કામે લાગી છે ત્યારે એલસીબીના હેડ કોન્સ્ટેબલ સુરેશકુમાર અને કોન્સ્ટેબલ ભૌમિકકુમાર અડાલજ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે સુરેશ કુમારને બાતમી મળી હતી કે અડાલજ બાલાપીર દરગાહ પાસેથી પસાર થતો એક શખ્સ શંકાસ્પદ છે. જેના આધારે બાલાપીર દરગાહ પાસે જઈને રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના ચોરાયા તાલુકા વિસ્તારમાં આવેલા શિવપુરા ગામના રમેશ ચંદુ કનીપાઊી (વાદી) નામનાં શખ્સને પકડી પાડયો હતો. રમેશ પાસેથી સેમસંગ ગેલેક્સી જે-૭ મોબાઈલ મળી આવ્યો હતો તે મોબાઈલ અંગે આધાર પુરાવા માંગતા રમેશ પાસેથી કાંઈ મળી આવ્યું હતું અને સઘન પૂછપરછ કરતા તેણે કબુલાત કરી હતી કે આ મોબાઈલ તેણે દસેક દિવસ અગાઉ રાજસ્થાનના થાણા ગામેથી છોડી કર્યો હતો. થાણા ગામમાં તેનો ભાઈ ભંગારનો ધંધો કરે છે અને તે દિવસોમાં તે તેના ભાઈના ઘરે ગયો હતો ત્યારે રાત્રિના સમયે થાણા ગામમાંથી જ એક ઘરના બહાર સૂતેલા મહિલાનો મોબાઈલ પડ્યો હતો જે ઉઠાવી લીધો હતો. એલસીબીની ટીમે મોબાઈલ રિકવર કરી આરોપીની ધરપકડ કરી લીધી છે અને ઊંડી પૂછપરછ શરૂ કરી છે.

છત્રાલ ત્રણ રસ્તા પાસેથી ચોરીના બાઈક સાથે બે યુવાનો ઝડપાયા

જિલ્લાની કલોલ તાલુકા પોલીસ ગઈકાલે વાહન ચેકિંગમાં હતી તે દરમિયાન શંકાને આધારે છત્રાલ ત્રણ રસ્તા પાસેથી બાઈક પર જતા બે શંકાસ્પદ યુવાનોને પકડી પાડયા હતા. તેમની પુછપરછ કરતાં જે બાઈક લઈને તેઓ નીકળ્યા હતા તે બાઈક અમદાવાદના સોલા પોલીસ સ્ટેશનની હદમાંથી ચોરી થયેલાનું ખુલ્યું હતું. ચોરીના બાઈક સાથે જતા બંને શખ્સોની ધરપકડ કરી પૂછપરછ કરતા આ બંને શખ્સો અડાલજ પોલીસ સ્ટેશનની હદમાં ચોરી થયેલી રિક્ષાને ગુનામાં પણ વોન્ટેડ હોવાનું ખુલ્યું છે. કલોલ તાલુકા પોલીસે બંનેની ધરપકડ કરી સોલા અને અડાલજ પોલીસને અને આરોપી અંગે જાણ કરી છે.

કલોલ તાલુકા પીઆઈ નીરજ પટેલની સુચનાથી તેમની ટીમ મિલકત સંબંધી ગુનાઓને શોધી કાઢવા સક્રિય છે ત્યારે તેમની સર્વેલન્સ ટીમ ગઈકાલે છત્રાલ ત્રણ રસ્તા પાસે વાહન ચેકિંગ હતી ત્યારે ત્યાંથી નીકળી રહેલા એક બાઈકના નંબર પ્લેટને આધારે શંકા જતા તે બાઈક ઊભી રખાવી ચેકિંગ હાથ ધર્યું હતું. જીજે૦૧ એન.૨૩૮ નંબરના બ્લેક કલરના હોન્ડા સાઈન બાઈક ઉપર ડબલ સવારે જઈ રહેલા યુવાનોને ઉભા રખાવી તેમની પાસેથી બાઈકના કાગળો માંગતા તેઓ ગુંચવાઈ ગયા હતા. બંને શખ્સો ઉપર શંકા મજબુત થતા બાઈકના ચેચીસ નંબરને આધારે તપાસ કરતા આ બાઈક નંબર પણ છેડછાડ કરેલો હોવાનું બહાર આવ્યો હતો. પકડાયેલા બંને શખ્સો ચોરીનું બાઈક લઈને નીકળી હોવાનું બહાર આવ્યું હતું. અમદાવાદના ચાંદલોડીયા વિસ્તારમાં રહેતા દશરથજી ઉર્ફે શેરો ઉર્ફે વિષ્ણુ શિવાજી ઠાકોર અને કલોલના આરસોડિયા ગામમાં રહેતા અરવિંદ પોરાજી ઠાકોર બંને શખ્સોની ધરપકડ કરી ચોરીનું બાઈક રિકવર કરવામાં આવ્યું છે. આ બાઈક સોલા પોલીસ સ્ટેશનની હદમાંથી ચોરી થયું હોવાનું બહાર આવ્યું છે. જેનો સાચો નંબર જીજે૦૧ એન.૨૩૮ નહી પરંતુ જીજે૦૧ એન.૨૩૮૫ હોવાનું ખુલ્યું છે. બંને આરોપીઓની તપાસ કરતા તેઓ અડાલજ પોલીસ સ્ટેશનના રીક્ષા ચોરીના ગુનામાં વોન્ટેડ હોવાનું જાણવા મળ્યું છે.

બ્લડ ડોનેશન ડેની ઉજવાયો

આગામી ત્રણ માસ બાદ જ્યારે ૨૫મી વખત રક્તદાન કરવાનું થાય ત્યારે ૨૫૦ યુવાનો સાથે રક્તદાન કરવાનો સંકલ્પ લીધો હતો. સદભાવના ગ્રુપના ચેરમેન અને બનાસકાંઠા જીલ્લા યુવા-મોર્ચાના અધ્યક્ષ શ્રી હરેશભાઈ ચૌધરી નિતનવી પ્રવૃતિઓ કરી યુવાનોને સદકાર્યો કરવા માટે પ્રેરતા હોય છે.૧૪ જુન વર્લ્ડ બ્લડડોનેશન ડે ના દિવસે જીલ્લા કલેકટર શ્રી સંદીપ સાંગલેની પ્રેરક ઉપસ્થિતમાં મડાણા એસ.આર.પી કેમ્પ મુકામે સવિલ હોસ્પીટલના દર્દીઓના લાભાર્થે યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં ૨૪ મી વખત રક્તદાન કરી યુવાનોને રક્તદાન કરવા માટે પ્રેર્યા હતા. વર્લ્ડબ્લડ ડોનેશનડે ના દિવસે ૨૪ મી વખત રક્તદાન કરવાની સાથે આગામી જ્યારે ત્રણ માસ બાદ ૨૫મી વખત રક્તદાન કરવાનું થાય ત્યારે,હરેશભાઈ ચૌધરી એ આજે પ્રણ લીધો હતો કે આગામી ૨૫મી વખત રક્તદાન કરવાના સમયે આ કેમ્પ ૨૫૦ રક્તદાતાઓ સાથે સિવિલ હોસ્પિટલમાં કેમ્પ યોજવો અને આ તમામ ૨૫૦ બોટલ જે એકત્રિત થાય એ સગર્ભા મહિલાઓના ડીલેવરી પ્રસંગે ઉપયોગમાં લેવી.

કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલું

અમલમાં આવ્યા બાદ અવસાન પામનાર મીતાક્ષરી સેમાશીત મીલ્કતના સમાંશીત પ્રશ્ન સાથે કામ લે છે જે સંયુકત કુટુંબની મીલ્કતમાં રહેલ પોતાના અભિભકત હિસ્સાનો વસીયતની નિકાલ કર્યા વિના અવસાન પામ્યા હોય કલમ-૬ નો શરૂઆતનો હિસ્સો એ બાબત ઉપર ભાર મુકે છે કે અધિનિય તે વ્યક્તિઓના વિશેષ અધિકારોમાં દખલગીરી કરતો નથી કે જેઓ મીતાક્ષરી મીલ્કતના સભ્યો છે પરંતુ તે જયાં સુધી તેવા સમાશીતના અવસાનની ક્ષણે અવસાન તુરંત અને અવસાન પહેલા એક કાલ્પનિક વિભાજનની વિચારધારા દાખલ કરીને અનુસૂચિત વર્ગ-૧ માં નિર્દેષ્ટ કરાયા મુજબની સ્ત્રી વારસો માટે તેના હિતમાં એક હિસ્સો સુરક્ષીત રાખવાનો પ્રયત્ન કરે છે તે હદ સીવાય કલમ-૬ નો પ્રબંધક ત્યારે અમલી બને છે કે જયારે મૃતકે પોતાની પાછળ એક હયાત દિકરી અને સીધી લીટીના વર્ગ-૧ ના સ્ત્રી વારસ છોડીને ગયા હોય.

સામાન્ય રીતે લોકોમાં એવી ધારણા છે કે પુરૂષ સભ્ય દ્વારા કબજાથી ધરાવેલ હોય તો સ્ત્રી વારસાઈ મીલ્કતની વિભાજન કરવાનો અધિકાર મોજુદ રહે છે તે જયાં સુધી પુરૂષ વારસો હિન્દુ વારસા અધિનિયમની કલમ-૨૩ મુજબ વિભાજન કરવાનું પસંદ ન કરે કુટુંબની પરણિત દિકરી પોતાના હિસ્સાની મીલ્કતના વિભાજન માટે હક્કદાર છે.

અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

કાવતરાં પકડાયાની વાતો મીડિયામાં ચગી હતી. છેલ્લે, રાજીવ ગાંધીની જેમ વડા પ્રધાન મોદીની હત્યાનું કાવતરું ઘડાયાનું પુણેના પોલીસ અધિકારીઓની તપાસને આધારે જાહેર કરાયું છે. મોદીની હત્યા માટેનાં અગાઉનાં તમામ કથિત કાવતરાં મહદઅંશે મુસ્લિમ આતંકી સંગઠનો થકી ઘડાયાનું જણાવાતું હતું. તાજેતરના આ કાવતરામાં નક્સલવાદી અને માઓવાદીઓએ મળીને હત્યાનું કાવતરું ઘડ્યાનું પોલીસનું કહેવું છે. જોકે, સમગ્ર મામલો હવે અદાલતમાં રજૂ કરાયો છે. આગામી દિવસોમાં પોલીસતંત્ર શું પુરાવા રજૂ કરીને વધુ ફોડ પાડે છે એ ભણી સૌની નજરે છે.આ બધી ચર્ચા ચાલતી હતી ત્યાં જ દિલ્હીમાં વડાપ્રધાન નિવાસ પર ઉડતી રકાબી કે તબકડી(યુએફઓ) ફરતા દેખાયાના વાવડે તંત્રને દોડતું કરી દીધું છે.ગઈ સાતમી જૂને આ ઘટના બન્યાનું જણાવાય છે.વડાપ્રધાન નિવાસના કે કિલોમીટર વિસ્તારને "નો ફ્લાય ઝોન" ગણવામાં આવે છે.આમ છતાં કોઈ ડ્રોન કે યુએફઓ તેમના નિવાસસ્થાન પર ચક્કર મારે તો સુરક્ષાભંગની બાબતને ગંભીર લેખવી પડે.

હત્યાનાં કાવતરાંના ઢોલ ના પીટાય

જોકે, વડા પ્રધાન કે મુખ્યપ્રધાન જેવી મહત્ત્વની વ્યક્તિઓ પર હુમલો કે એમની હત્યાની આશંકા પડે તો પણ પૂરતી તકેદારી લેવામાં આવે એ જરૂરી છે. માત્ર એને રાજકીય સ્ટંટ ગણવામાં આવે અને તંત્ર ઊંઘતું રહે તો વડા પ્રધાન કે મુખ્યપ્રધાનને મોતને ઘાટ ઉતારવા તત્પર તત્ત્વો સફળ થઈ શકે. જોકે, એટલું ચોક્કસ કે આવાં કાવતરાંની વિગતો પ્રેસ કોન્ફરન્સ ભરીને પોલીસ કમિશનરો કે અન્ય ટોચના અધિકારીઓ મીડિયાને આપવાને બદલે પોતાનું તંત્ર સક્રિય થઈને કાવતરાંના તમામ પાસાંની તપાસમાં લાગી જાય એ અનિવાર્ય છે. હત્યાનાં કથિત કાવતરાંના મીડિયામાં સંડોવાયેલા લોકોને સચેત કરવાની તક સરકારીતંત્ર અને પોલીસતંત્ર જ પૂરી પાડે છે, એવું લાગ્યા વિના રહેતું નથી. અપેક્ષા કરીએ કે હવે પછી આવી માહિતી મળે તો પોલીસ અને સરકારનું ગુપ્તચરતંત્ર એનાં ઢોલ પીટવાનું ટાળશે.

- haridesai@gmail.com

દબાણનાં સકંજામાં... ● છેલ્લા પાનાનું ચાલું

મળતુ નથી. લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસને દબાણ મુક્ત કરી શકાયા નથી. જેના લીધે સાંકડા સર્વિસ રોડ પર ટ્રાફિકને લગતી અનેક સમસ્યાઓ ઉદભવી છે. માર્ગ સલામતી જોખમાઈ છે. આમ નાગરિકોને વાહનો પાર્ક કરવાની યોગ્ય જગ્યા ન મળતા મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે. શહેરના મુખ્ય માર્ગો આસપાસ પણ દબાણો ગમે ત્યારે અડ્ડો જમાવે છે. જયારે નગરના જાહેર સ્થળોથી માંડીને હવે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ દબાણોએ પગપેસારો કરી લીધો છે. દબાણો દુર કરવાની નાટકીય કામગીરીના લીધે સેકટરોના આંતરિક વિસ્તાર પણ દબાણની ગિરફતમાં આવી ગયા છે. સે-૨૧ , સે-૧૬ અને સ-૧૧ સહીત ન્યુ ગાંધીનગરમાં કુડાસણ વિસ્તારમાં જાહેર માર્ગો પર પણ દબાણોનો કબજો હોય તેવુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. આવા સંજોગોમાં શહેરમાં પાર્કીંગની સમસ્યાને હળવી કરવા તેમજ દબાણમુક્ત નગરના અભિગમને વેગ આપવા માટે દબાણની કામગીરી અન્વયે અસરકારક એકશન પ્લાન ઘડવામાં આવે તે અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

સુધારણા કામ... ● છેલ્લા પાનાનું ચાલું

રોડને ચકાચક બનાવવાની કામગીરીને મંજુરી આપી દેવામાં આવી છે. પરંતુ હજુ સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ બાકી છે. સ્થાનિક રહીશોએ સેકટરોના આંતરિક માર્ગોને યોગ્ય કરવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવે તે મામલે રજુઆત કરી છે. વધુમાં જુના સેકટરોમાં પણ આંતરિક માર્ગોની સુધારણાનુ કામ બાકી છે. સે-૨૦ થી ૩૦ માં પણ આંતરિક માર્ગોની સુધારણા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ આ દરખાસ્ત છેલ્લા ૬ મહીનાથી પેન્ડીંગ છે. વિભાગ કક્ષાએથી આ દરખાસ્તને મંજુરી ન અપાતા હજુ પણ આ કામગીરીનુ ઠેકાણુ પડયુ નથી. નવા સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી પાંચ વર્ષના અંતે પણ અપુર્ણ રહી છે. વરસાદી દિવસો બાદ બાકી રહેતી માર્ગ સુધારણાની કામગીરી ઝડપભેર પુર્ણ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શ્રદ્ધાંજલિ... ● ત્રીજા પાનાનું ચાલુ

પટેલ, અન્નપૂર્ણા ધામના ટ્રસ્ટી ઉરેન પટેલ, સમસ્ત પાટીદાર સમાજના પ્રમુખ વિક્રમભાઈ પટેલ, શહેરના જાણીતા ઉદ્યોગપતિ કમલકિશોર જૈન, કડવા પાટીદાર સમાજના મંત્રી ભોળાભાઈ પટેલ, કડવા પાટીદાર સમાજના પ્રમુખ ભરતભાઈ પટેલ, સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળના પ્રમુખ ઝીલુભા ખાચર, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, કોંગ્રેસના પ્રદેશ પ્રવકતા ડૉ. હિમાંશુ પટેલ, શહેર ભાજપના પ્રમુખ મહેન્દ્ર દાસ, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણભાઈ બુચ સહિત શહેરના આગેવાનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે તમામ આગેવાનો એ સ્વ.કુંવરજીભાઈ પટેલને શાબ્દિક શ્રધ્ધાંજલિ અર્પી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજના ટ્રસ્ટી કિશોરભાઈ શેલડીયાએ કર્યું હતું. જયારે શહેરના જાણીતા ગાયક કલાકાર બિરેન પુરોહિતે સુંદર ભજનો રજુ કર્યા હતા.

ગણતરીમાં ગાંધીનગર... ● છેલ્લા પાનાનું ચાલુ

હોસ્પિટલ્સની ટકાવારી ૧૨ ટકા કરતાં વધુ છે એ રીતે ગ્રામીણ ગાંધીનગરની સ્થિતિ સારી છે. પરંતુ જ્યારે આ જ પ્રશ્ન શહેરી ક્ષેત્રમાં જોવામાં આવે તો શહેરી ગાંધીનગરનું ચિત્ર શહેરી ગુજરાત અને ગ્રામીણ ગુજરાતના સંદર્ભે ઘણું નબળુ કહી શકાય એવી સ્થિતિ આંકડા દર્શાવે છે.

ગુજરાતના ગ્રામીણ અને શહેરી વિસ્તારની આરોગ્ય સુવિધાઓ ચકાસીએ તો ગ્રામ કરતાં શહેરોમાં દવાખાનાની સંખ્યા લગભગ બમણી કહી શકાય એમ છે. પરંતુ ગાંધીનગર ગ્રામ્ય અને શહેરની આ મુદ્દે ચકાસણી કરીએ તો એ બન્ને વચ્ચે માત્ર છ ટકાનો જ તફાવત છે. ગ્રામીણ ગાંધીનગરમાં દવાખાનાઓની સંખ્યા ૪૭ ટકા છે જ્યારે શહેરી ગાંધીનગરમાં ૫૩ ટકા છે. જે શહેરમાં આરોગ્ય વિભાગ અને વડી કચેરી આવેલી હોય એ શહેરના શહેરી ક્ષેત્રમાં દવાખાના-હોસ્પિટલ્સની ટકાવારીનું ચિત્ર નબળુ હોય એની પાછળના સામાજિક કારણો પણ છે. સૌથી અગત્યનું કારણ એ છે કે ગાંધીનગરની શહેરી અને ગ્રામીણ વસ્તીને પુરતા પ્રમાણમાં તમામ આરોગ્ય સેવા પુરી પાડી શકાય એવી સિવિલ હોસ્પિટલ અહીં આવેલી છે. આ ઉપરાંત નવા અને જુના સેક્ટરોમાં સરકારી દવાખાનાઓ છે. શહેરમાં સરકારી આયુર્વેદિક હોસ્પિટલ પણ વર્ષોથી સેવામાં તહેનાત છે. ઉપરાંત છેલ્લા થોડા વર્ષોમાં માત્ર એક ડૉક્ટર પોતાનું ક્લિનીક ચલાવતા હોય એના બદવલે વિવિધ રોગના તજજ્ઞો એક જ હોસ્પિટલમાં સેવા આપતા હોય એવી હોસ્પિટલ્સ ગાંધીનગરમાં કાર્યરત છે અને નવી નવી હોસ્પિટલ્સ પણ આ રીતે જ ખુલી રહી છે. એ દર્શાવે છે કે જ્યારે હોસ્પિટલ્સ દવાખાનાની સંખ્યાની સરખામણીએ ગાંધીનગર શહેર ભલે ગ્રામીણ ગાંધીનગરથી પાછળ હોય પણ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં પાછળ નથી. ઉલ્ટાનું ગ્રામીણ વિસ્તારના દર્દીઓ સારી સારવાર માટે ગાંધીનગરની આ હોસ્પિટલ્સમાં આવે છે. ગાંધીનગરના ગામડાઓમાં દવાખાનાઓની સંખ્યા વધુ છે. પણ હોસ્પિટલ્સની સંખ્યા ઓછી છે. જ્યારે ગાંધીનગર શહેરમાં હોસ્પિટલ્સ વધુ ને દવાખાના ઓછા છે.

મજાની એક વાત એ પણ છે કે ગાંધીનગરના ગામડાઓમાં દવાખાના ચલાવીને પ્રેક્ટીસ કરતા ખાનગી તબીબોનો વસવાટ ગાંધીનગર શહેર જ હોય છે. (લેખક સમાજશાસ્ત્રના સહ પ્રાધ્યાપક છે.)